
દાદા ભગવાન પરિવારનું

એપ્રિલ ૨૦૨૨

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ





# વીરોના વીર, 'મહાવીર'

## સંપાદકીય

આપણા જીવનમાં ખરેખર દુઃખો હોય છે ? છતાં પણ આપણે રડતા હોઈએ છીએ ને કે આણે મને આવું કર્યું ને આણે આવું કર્યું... અને પછી સામે મારી દઈએ કે ઝઘડો કરી બેસીએ છીએ.

આપણને એવું લાગે છે કે દુઃખો ખાલી મને જ છે. પણ ના, ભગવાન જેવા ભગવાનને પણ ભયંકર દુઃખો પડ્યા હતા. હા, હું ભગવાન મહાવીરની વાત કરું છું. એમના જીવનમાં જે દુઃખો આવ્યા હતા, એનું તો વર્ણન સાંભળીને પણ ધ્રુજી જવાય. તો ભગવાને ત્યારે શું કર્યું હશે ? શું આપણી જેમ સામે માર્યું કે ઝઘડો કર્યો હશે ?

તો ચાલો, આ અંકમાં વાંચીએ ભગવાન મહાવીરની વાર્તાઓ. એવું એમનામાં શું હતું જેના કારણે તેઓ મહાવીર કહેવાયા અને ભગવાન તરીકે પૂજાયા.

-ડિમ્પલ મહેતા


વર્ષ : ૧૪, અંક : ૮
સળંગ અંક : ૧૬૪
એપ્રિલ ૨૦૨૨



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Multiprint
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.



© 2022, Dada Bhagwan Foundation
All Rights Reserved



## અક્રમ એક્સપ્રેસ

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# જ્ઞાનીઓ કહે છે...



તીર્થંકર એટલે શું ? જેમના પ્રત્યેક પગલે તીર્થ સ્થપાય એમને તીર્થંકર કહ્યા. તેઓ જગત કલ્યાણ માટે જ ફરતા હોય. રાત-દિવસ એમના હૃદયમાં એ જ ભાવના રહેતી હોય કે કેમ કરીને લોકો તમામ દુઃખોથી મુક્ત થાય, મોક્ષના માર્ગે આગળ વધે અને મોક્ષ ગતિને પામે.


૨૫૦૦ વર્ષ પહેલા આ કાળના છેલ્લા તીર્થંકર 'મહાવીર' થયા. ભગવાન 'મહાવીર' કેમ કહેવાયા ? કારણ કે એમણે કર્મોની સામે જબરદસ્ત ફાઈટ કરી હતી. કર્મો ખપાવવા માટે મહાવીર પ્રભુની શક્તિ કંઈક ઓર જ જાતની હતી.

પ્રશ્નકર્તા : મહાવીર ભગવાનને જ્યારે અસહ્ય દુઃખ આવ્યા ત્યારે દેવોએ હેલ્પ કરવા માટે વિનંતી કરી હતી. છતાંય, ભગવાને હેલ્પ કેમ ના લીધી ?

પૂજ્યશ્રી : તીર્થંકર ભગવાનની સેવા માટે જ દેવોનું જીવન હોય છે. દેવો બધી જ હેલ્પ કરે એવું હોય છે. પણ ભગવાને કહ્યું કે મને મારું કર્મ પૂરું કરવા દો. હું જો તમારી સેવા લઈશને તો મારું કર્મ અધૂરું રહેશે.

જેમ, કોઈ મારી પાસેથી ૧૦,૦૦૦ રૂપિયા લેવા આવે અને હું બીજેથી ૧૫,૦૦૦ લઉં, તો મારી બીજી લોન તો ઊભી જ રહે ને ? ૧૦,૦૦૦ તો ચૂકવી દીધા પણ ૧૫,૦૦૦ ની લોન મારા માથે ઊભી રહે. મારે ચૂકવવા તો પડશે જ ગમે ત્યારે.

પ્રભુએ કહ્યું કે મને હેલ્પ ના કરશો. મારું કર્મ પૂરું થવા દો. છેક કેવળજ્ઞાન થતા સુધી પોતાની શક્તિથી, જ્ઞાનની શક્તિથી બધા કર્મોનો નિકાલ કર્યો. મહાવીર ભગવાને સમતામાં રહીને પોતાના કર્મો ખપાવ્યા.




# આ તો નવી જ વાત !



ઉપસર્ગ એટલે બહારથી
આવી પડેલા ભયંકર દુઃખો.

દા.ત : ભયંકર અપમાન થાય, કોઈ ગાળો આપે, કડવા શબ્દો બોલે, માર મારે - એ બધા ઉપસર્ગ કહેવાય.

ક્ષમા આપવી એટલે પહેલા સામાની ભૂલ દેખાય અને પછી એને માફ કરે. ભગવાનને તો ક્યારેય કોઈની ભૂલ છે એવું લાગે જ નહીં, એમને તો પોતાનું જ કર્મ દેખાયા કરે. એટલે એમને કોઈને ક્ષમા આપવાની વાત જ ના હોય ! એ સહજ ક્ષમા કહેવાય.




# શૂલપાણી યક્ષદેવ

મહાવીર ભગવાન પ્રવાસ કરતા કરતા અસ્થિક ગામના પાદરે આવી પહોંચ્યા. ત્યાં કાદવ કીચડથી મેલી થયેલી કાળી નદી વહેતી હતી. નદીને કાંઠે યક્ષનું* મંદિર હતું.

સાંજનો સમય હતો. મંદિરની બહાર પૂજારી ઈન્દ્રશર્મા બેઠો હતો. તેજસ્વી માનવને જોઈને એણે પૂછ્યું, "કેમ અહીંયા પધારવાનું થયું ?"

"એક રાત અહીંયા રહેવું છે. એક ખૂણો જ ઘણો થશે મને."મહાવીરે કહ્યું.

"આ મંદિરમાં રહેવું મુશ્કેલ છે. વળી, રાત્રે રહેવું તો ભારે મુશ્કેલ છે. આ મંદિરનો દેવ શૂલપાણી માણસને જીવિત મૂકતો નથી. વાત એમ છે કે ધનદેવ નામનો એક શેઠ પોતાના કરિયાણાના પાંચસો ગાડા લઈને એક વખત અહીંથી નીકળેલો. આ કાદવ કીચડવાળી વેગવતી નદીમાં એના ગાડાં એવી રીતે ફસાઈ ગયા કે નીકળતા જ નહોતા ! ધનદેવ પાસે એક બળવાન બળદ હતો. એ બળદે પાંચસોએ પાંચસો ગાડાં કાદવમાંથી હેમખેમ બહાર કાઢ્યા. પણ, આમ કરતાં એ બળદને બહુ જ ઈજા થઈ ને એ જમીન પર ઢળી પડ્યો ! ના ઊભું થવાય કે ના હલાય-ચલાય !"



* એક પ્રકારની દેવગતિના પુરુષ

ધનદેવને બળદ પ્રત્યે બહુ જ પ્રેમ હતો. એણે ગામલોકોને વિનંતી કરીને કહ્યું કે માંગો તેટલું ધન આપું પણ આ બળદને સાચવજો. ગામલોકોએ બળદને સાચવવાની 'હા' કહી. ધનદેવે મોં માંગ્યું ધન આપ્યું. બળદને ખૂબ પંપાળીને ધનદેવે પોતાની લાગણી વ્યક્ત કરી અને આખરે આંખમાં આંસુ સાથે વિદાય લીધી.

ગામલોકોએ બળદની સારવારમાં ધ્યાન ના આપ્યું. આજે ચારો નાખ્યો તો કાલે નહીં, આજે પાણી પીવડાવ્યું તો બે દહાડા વળી કંઈ નહીં. ભર ઉનાળામાં પાણી અને ચારા વગર બળદના પ્રાણ ઉડી ગયા. મરીને એ વ્યંતર* * દેવ બન્યો. એણે ગામની ખબર લેવા માંડી. હાલતાં-ચાલતાં લોકોને એ મારી નાખતો હતો. આખરે એને મનાવવા ગામલોકોએ ભેગા થઈ આ મંદિર બાંધ્યું. પૂજા, આરતી, નૈવેધ ધરવા માંડ્યા. મને અહીંનો પૂજારી રાખ્યો. છતાં, આ યક્ષનો મિજાજ ભારે ખરાબ છે. દિવસની વાત તો ઠીક, પણ રાત્રે અહીં કોઈ રહી શકતું નથી.'' પૂજારી ઈન્દ્રશર્માએ વાત પૂરી કરી.

મહાવીર બોલ્યા, ''મને એક રાત રહેવા માટે અનુમતિ આપો !''


''આટલો ભય છે છતાં ?''

'' હું અભય છું. કોઈથી ડરતો નથી અને કોઈને ડરાવતો નથી. તમે નિશ્ચિંત થઈને અનુમતિ આપો.''

ગામલોકોએ અનુમતિ આપી. મહાવીર રાત રહ્યા.

અંધારું થતા મંદિરનો પૂજારી બારણાં બંધ કરી ચાલ્યો ગયો. દૂર દૂર સુધી કોઈ ના રહ્યું ! માણસો તો શું, જાનવરને પણ તે જગ્યાનો ભય હતો.

મહાવીર ખૂણામાં પલાંઠી વાળી બેસી ગયા. એકાએક ધ્રુજી જવાય એવું અટ્ટહાસ્ય સંભળાયું. ત્યાં



* * દેવગતિનો એક પ્રકાર

તો કોઈ જંગલી હાથી બારણું તોડીને અંદર પેઠો, સીધો મહાવીર તરફ ધસ્યો. એમને સૂંઢમાં પકડ્યા, ઉપાડ્યા, પછાડ્યા, પગ નીચે ચગદી નાખ્યા ! હાથી થોડી વારમાં અદૃશ્ય થયો. ત્યાં મોટા મોટા નખ અને દાંતવાળો પિશાચ*** આવ્યો. એણે નખથી મહાવીરનું માંસ તોડવા માંડ્યું, દાંતથી ચાવવા માંડ્યું. પણ ભગવાનના મુખ પર શાંતિ હતી. જાણે એ શાંતિ એવું ના કહી રહી હોય, "નિરાંતે જમજે ભાઈ ! ભૂખ્યો ના રહેતો !"

પિશાચ પણ અલોપ થઈ ગયો. એકાએક પાતાળ ફોડીને એક ઝેરી સાપ નીકળી આવ્યો. નજીક આવીને મહાવીરના દેહ પર ડંખ પર ડંખ મારવા લાગ્યો. પણ મહાવીરને કોઈ ભય નહોતો, કોઈ વેર નહોતું.

અને આમ આખી રાત આવા ભયંકર ઉપસર્ગો સાથે વીતી, પણ મહાવીર તો 'મહા-વીર' નીકળ્યા. આખરે પેલો વ્યંતર દેવ આવીને એમના ચરણમાં પડ્યો, 'મને ક્ષમા આપો !'

મહાવીર પ્રેમથી બોલ્યા, "મારે તારી સાથે કોઈ વેર નથી. તું તો મારી કસોટી કરનારો મિત્ર છે."

"હું મિત્ર ? અને એ પણ તમારો ?" યક્ષને નવાઈ લાગી.

"હા. તું મારો શું, જગ આખાનો મિત્ર થઈ શકે છે. માત્ર માર્ગ ભૂલ્યો છે. વેરનો બદલો તે વેરથી લેવાનો પ્રયત્ન કર્યો. પણ વેરને ક્યારેય વેરથી ના જીતાય. વેર હંમેશા પ્રેમથી જીતાય, ક્ષમાથી જીતાય. વેરથી મુક્ત થઈ જા."

ભગવાનના કરુણાભર્યા શબ્દ સાંભળીને ઉગ્ર વ્યંતર દેવ થોડીવારમાં નમ્ર બની ગયો. એનું બળતું હૈયું શાંત થઈ ગયું.

વ્યંતર દેવ આનંદમાં આવી ગયો અને એ ગીત ગાવા લાગ્યો.

આમ, ભગવાને પોતાના દેહની પરવાહ કર્યા વગર શૂલપાણી વ્યંતર દેવને વેરની અગ્નિમાંથી બહાર કાઢી અને એને પ્રેમ અને ક્ષમાના માર્ગે ચઢાવ્યો.



*** હિંદુ પૌરાણિક કથાઓ અનુસાર પિશાચ માંસ ખાનાર રાક્ષસો છે.

# ચંડકૌશિક

મહાવીર ભગવાન એક ગામથી બીજે ગામ જઈ રહ્યા હતા. રસ્તામાં એક ગોવાળે એમને રોક્યા, "દેવાર્ય, આ માર્ગે કનકખલ નામનો આશ્રમ આવે છે. ત્યાં એક ભયંકર સર્પ રહે છે. ચંડકૌશિક એનું નામ છે. આ સાપની તો નજરમાં પણ ઝેર છે. એની નજર પડતા જ માણસ બળી જાય છે."

આ વાત સાંભળતા ભગવાનના ચહેરા પર ભયની એક રેખા ના દેખાઈ. એ તો આગળ વધ્યા.


ગોવાળોએ ફરી ભગવાનને રોકીને કહ્યું, "પહેલા અમારી વાત સાંભળો, પછી આગળ ડગ ભરજો." આમ કહી એમણે ચંડકૌશિકના પૂર્વભવની વાત કહી.

કૌશિક નામનો તાપસ આશ્રમનો કુલપતિ હતો. એ ભારે ક્રોધી હતો. આશ્રમના બાગમાં બાળકો રમવા આવતા. બાળકો તોફાન કરે તે કૌશિકને ગમે નહીં. એ લાકડી લઈને પાછળ દોડે. ડરના માર્યા બાળકો નાસી જાય.

બાળકોએ ચીડવવા માટે કૌશિકનું નવું નામ પાડ્યું : 'ચંડકૌશિક' ચંડ એટલે ગુસ્સેબાજ - કૌશિક !

"એક દિવસ કૌશિક બહાર ગયેલો ત્યારે બાળકોએ બાગને અસ્તવ્યસ્ત કરી નાંખ્યો. કૌશિકે જ્યારે બાગનું સત્યનાશ વળી ગયેલું જોયું, ત્યારે એ ખૂબ ક્રોધિત થઈ ગયો. એણે પાસે પડેલો કુહાડો ઉઠાવ્યો અને બાળકો પાછળ દોડ્યો. વચમાં ઊંડો ખાડો આવ્યો. તાપસે જોયો નહીં અને પડ્યો ખાડામાં. પોતાનો કુહાડો પોતાના માથા પર પડ્યો અને તાપસ* ત્યાં જ મૃત્યુ પામ્યો. આ તાપસ મરીને સાપ થયો. અને હવે એ આશ્રમમાં કોઈને જીવિત છોડતો નથી." ગોવાળે પોતાની વાત પૂરી કરી.

ભગવાને ગોવાળ તરફ પ્રેમમયી દૃષ્ટિ કરી અને પોતાના માર્ગે આગળ વધ્યા. થોડીવારમાં તેઓ આશ્રમે આવી પહોંચ્યા. ચંડકૌશિક સાપને માણસની ગંધ આવી ગઈ. એણે ભગવાન સામે ઝેરની પિચકારી જેવી નજર ફેંકી. પણ એને ખૂબ જ આશ્ચર્ય થયું જ્યારે એની વિષ વર્ષા પછી પણ એ માનવી અડગ ઊભા રહ્યા. ના હાલ્યા, ના ચાલ્યા.




પછી એમણે મહાવીરના અંગુઠે જઈને જોરથી ડંખ દીધો. અંદરથી ધોળા દૂધ** જેવા લોહીનો ફુવારો છૂટ્યો. પણ મહાવીરનું મુખ તો ભાવભર્યું હતું ! ક્રોધનો ભંડાર ચંડકૌશિક આ જોઈને સ્તબ્ધ થઈ ગયો. ત્યાં તો મહાવીરના મુખમાંથી શબ્દો સર્યા, જાણે સુકાયેલી ધરતી પર વર્ષા વરસી.

"ચંડકૌશિક, સમજ ! સમજ ! જે ડરતો નથી, ડરાવતો નથી, એ વીર છે ! ક્રોધનો સ્વભાવ તો બાળે. પહેલા પોતે બળે અને પછી બીજાને ય બાળે, આગની જેમ. ક્રોધથી હારીને તે તારા કેટલાય ભવ બગાડ્યા. પણ હવે આજે તું હારીને જીતી જા, ચંડકૌશિક."


ભગવાનના સાચા પ્રેમની ભાષાથી પથ્થર હૃદયનો સાપ પણ પીગળી ગયો. એને પોતાનો પાછલો ભવ દેખાયો અને સમજાયું કે ક્રોધના કારણે એણે એના કેટલાય જન્મો બગાડી નાખ્યા.

ચંડકૌશિકે ભગવાનની ક્ષમા માંગી, "ક્ષમા કરો કરુણાવતાર ! મેં આપને ઝેરી ડંસ દીધો. અને આપે મને જ્ઞાનરૂપી અમૃત પીવડાવી મારું કલ્યાણ કરી દીધું."





* તપસ્વી/ઋષી મુનિ

** તીર્થંકર ભગવાનનું લોહી સફેદ હોય છે.


સંગમદેવ
એકવાર ભગવાન મહાવીર પેઢાલ ગામની બહાર ધ્યાનમાં સ્થિર ઊભા હતા. દેવલોકમાં ઈન્દ્રદેવે ભગવાનની એકાગ્રતા જોઈને દેવલોકમાંથી જ વંદના અને પ્રશંસા કરી.
ભગવાન, આપ ધન્ય છો ! ધ્યાન અને ધૈર્યમાં આપની સમાન કોઈ નથી.
ત્યાં હાજર, સંગમ નામના એક દેવે આ વાત સાંભળી.
દેવરાજ ! કોઈ પણ માનવમાં એવી શક્તિ નથી હોતી જે દેવશક્તિથી પણ ના ડગે. હું તો મહાવીરને એક જ રાતમાં ડગાવી દઈશ !
આમ કહી, સંગમ દેવ મહાવીર પ્રભુની પરીક્ષા લેવા ધરતી તરફ નીકળી પડ્યા. પૃથ્વી પર આવીને સંગમ દેવે ભગવાનને ધ્યાન ભંગ કરવાના પ્રયત્નો શરૂ કર્યા. ચારે બાજુ ધૂળ ઉડાડી ભગવાનના નાક અને મોંમાં ધૂળ ભરી દીધી.
10 April 2022


સાપ અને વીંછીને પ્રભુના શરીર પર છોડી દીધા.
હાથીનું રૂપ લઈને સૂંઢથી પકડીને ભગવાનને આકાશમાં ઉછાળ્યા.
પિશાચ બની મુખમાંથી જ્વાળામુખી કાઢીને ભગવાનને ભસ્મ કરવાની કોશિશ કરી.
ભગવાનના બંન્ને પગ વચ્ચે આગ પ્રગટાવી ખીર બનાવી.


સિંહ અને ચિત્તાનું રૂપ લઈને ભગવાનને ચીરવાનો પ્રયત્ન કર્યો.
સંગમદેવે ભગવાનના માથા પર હજારો ટન ભારવાળું કાલચક્ર છોડ્યું. મેરૂ પર્વતનો* ભૂક્કો કરી નાખનાર આ કાલચક્રના ભારથી ભગવાનના પગ ઘૂંટણ સુધી જમીનમાં ઘૂસી ગયા.
આટલા બધા ઉપસર્ગો કરવા છતાંય સંગમદેવ મહાવીર ભગવાનનું ધ્યાન ભંગ ના કરી શક્યા.
દિવસોથી મહાવીર પ્રભુ ઉપવાસી હતા. ગામમાં ભગવાન ભિક્ષા માટે જાય ત્યારે સંગમદેવ સારી વસ્તુ છુપાવડાવી દે અને ખરાબ વસ્તુઓ ધરાવે. આમ અન્ન વગર છ-છ મહિના ચાલ્યા ગયા.




* પૌરાણિક માન્યતા પ્રમાણે ઊંચામાં ઊંચો પર્વત.


ભગવાન કૌશમ્બી નગરી તરફ ચાલી નીકળ્યા.

# ગોશાલક

એક સુંદર સવારે, એક યુવાન શ્રી મહાવીર સામે આવીને ઊભો રહ્યો અને કહ્યું, "હું ગોશાલક, આજે આપનો શિષ્ય થવા ચાહું છું."

ગોશાલકને ભગવાન પાસે કોઈ જવાબ ના મળ્યો પણ એ તો ભગવાન પાસે જ રહી પડ્યો. એના દિલમાં હતું કે "આજે નહીં તો કાલે, ભગવાન મારો અવશ્ય સ્વીકાર કરશે." ગોશાલક મહાવીરનો પડછાયો બનીને ફરવા લાગ્યો.

એક દિવસ ગોશાલકે એક તાપસની મશ્કરી કરી. ગોશાલકના શબ્દોથી ક્રોધિત થઈને તાપસે ગોશાલક પર તેજોલેશ્યા ફેંકી. તેજોલેશ્યા એટલે શરીરમાંથી અગ્નિ કાઢી જેના પર ફેંકે એ બળીને મરી જાય. કરુણાના સાગર એવા પ્રભુએ તરત જ સામે શીતલેશ્યા મૂકીને ગોશાલકને ઠાર્યો અને બચાવી લીધો. તેજોલેશ્યાનો પ્રભાવ જોઈ ગોશાલકે એ વિદ્યા શીખવાનું નક્કી કર્યું. પ્રભુને વિનંતી કરીને એણે એમની પાસેથી તેજોલેશ્યા કરવાની વિધિ પ્રાપ્ત કરી લીધી.ભગવાન પાસેથી વિદ્યા પ્રાપ્ત કરીને એ પોતાની જાતને જ ભગવાન માનવા લાગ્યો. ભગવાનથી છૂટા પડીને એણે પોતાનો અલગ સંપ્રદાય બનાવ્યો. પોતાના શિષ્યોને એ પોતે જ ભગવાન છે, મહાવીર ભગવાન નથી એવું કહેતો. ધીમે-ધીમે એ ખુલ્લેઆમ બધાને કહેવા લાગ્યો કે ભગવાન પોતે છે, મહાવીર નહીં.



એક વાર એણે પ્રભુ મહાવીરની સભામાં આવીને પ્રભુનું ખુબ અપમાન કર્યું. પણ પ્રભુ મહાવીર સ્વસ્થ રહ્યા. જેટલું કડવું બોલી શકાય તેટલું એણે બોલવા માંડ્યું. પ્રભુ મહાવીરના શિષ્યો ઉશ્કેરાઈ ગયા.

એક શિષ્યે આવીને ગોશાલકને કહ્યું, "રે ગોશાલક ! કોઈ ગુરુ કે બ્રાહ્મણ પાસેથી કંઈ પણ શીખ્યા હોઈએ તો પણ તેમનો વિનય કરવો જોઈએ; તું તો ભગવાન મહાવીરનો જ શિષ્ય છે. એમની પાસેથી બધી વિદ્યા શીખ્યો છે. પછી આવો ભયંકર અનાદર ?"

શિષ્યના શબ્દોથી ગોશાલક ભયંકર ગુસ્સે થઈ ગયો. એણે શિષ્ય સામે તેજોલેશ્યા ફેંકી. શિષ્ય ત્યાં ને ત્યાં જ બળીને ઢળી પડ્યો. બીજો શિષ્ય ગોશાલકને કંઈક કહેવા જાય એ પહેલા એને પણ બાળી નાખ્યો !

કોઈ ત્રીજું ગોશાલક પાસે જાય એ પહેલા ભગવાન મહાવીરે આગળ આવીને એ સ્થાન લીધું. ગોશાલકે પોતાના એકમાત્ર પ્રતિસ્પર્ધીને (જેના પ્રત્યે ઈર્ષા અને સ્પર્ધા હોય) જોયા. એ સાત-આઠ કદમ પાછો હટ્યો. પછી આગળ આવીને ભગવાન મહાવીર પર આંખો ટકાવી. અને આખરે ભગવાન પર તેજોલેશ્યા ફેંકી. તરત જ સળગતી આગનું એક મહાવર્તુળ ભગવાન મહાવીરના દેહને વીંટાઈ ગયું.

ગોશાલકે અટ્ટહાસ્ય કર્યું. પણ બીજી પળે તેણે આશ્ચર્ય સાથે જોયું કે પેલું તેજવર્તુળ મહાવીરના દેહમાં પ્રવેશ કરવાને બદલે એમના દેહની પ્રદક્ષિણા કરી રહ્યું હતું !




અને ગોશાલક આ અજબ ઘટના અંગે કંઈક વિચારે એ પહેલા એ તેજવર્તુળ પાછું ફર્યું, એની તરફ ધસ્યું ને એના જ દેહમાં સમાઈ ગયું. પળવારમાં તો દેખાવડો ગોશાલક કદરૂપો બની ગયો. મોં કાળું બની ગયું.

મહાવીર તો શાંતિના અવતાર બનીને ઊભા હતા. એમણે કહ્યું, "ગોશાલક, એક દિવસ તને મારા પર આંધળો પ્રેમ હતો. આજે તું મારા પ્રત્યે દ્વેષમાં અંધ બન્યો છે. મને મારી નાખવા ઈચ્છે છે. તારો દુશ્મન કોઈ બહાર નથી, પણ તારી અંદર રહેલા દ્વેષ અને ઈર્ષા જ છે. તેજોલેશ્યા કરતા પણ વધુ ભયાનક છે દ્વેષ અને ઈર્ષાની આગ. શાંત થઈ જા. આત્મકલ્યાણ તરફ જા."

જેમણે ભગવાન પર આવો ભયંકર ઉપસર્ગ કર્યો, એમના માટે પણ ભગવાન પાસે તો પ્રેમસભર શબ્દો જ હતા. પ્રભુના લક્ષમાં તો ફક્ત એ જ હતું કે કેમ કરીને ગોશાલક આત્મકલ્યાણ તરફ વળે.

ભગવાનની કરૂણા ચાખીને, ગોશાલકને પોતે કરેલા બધા જ દુર્વ્યવહાર માટે ખૂબ પસ્તાવો થયો. એણે પોતાના પાપોનો પશ્ચાતાપ કર્યો, પોતાની ભૂલો કબૂલ કરી અને પોતાના પાપો ભક્તો પાસે ખુલ્લા કર્યા. હૃદયપૂર્વકના પસ્તાવા સાથે એ સાતમા દિવસે મૃત્યુ પામ્યો.

મિત્રો, નીરૂમા કહેતા કે કોઈ તમારા પર ઊલટી કરે તો તમે શું કરો ? એને વઢો, ઝઘડો કરો કે પછી એને પાણી આપો ? સાચી વાત ! આપણે એને શાંતિ આપવાના બધા જ ઉપાય કરીએ. તે જ રીતે જો કોઈ આપણું અપમાન કરે, આપણને જેમ-તેમ બોલે તો એ બધા જ શબ્દો ઊલટી કર્યા બરાબર છે. તે સમયે એની સાથે ઝઘડો કરવાને બદલે એનું દિલ ઠરે એવી પ્રાર્થના કરીએ તો આપણને પણ શાંતિ રહે અને એનો ગુસ્સો પણ શાંત થાય.



# બાળકો-યુવાનો માટે સંસ્કાર સિંચન શિબિર - વર્ષ ૨૦૨૨

SUMMER CAMP 2022

| | Group - ૮ થી ૧૨ વર્ષ | | Group - ૪ થી ૭ વર્ષ | |
|---|---|---|---|---|
| સેન્ટર | તારીખ | સંપર્ક નંબર | તારીખ | સંપર્ક નંબર |
| અમદાવાદ | ૨૧ માર્ચ & ૫ જૂન & ૬ જૂન | ૯૪૨૯૪૪૨૫૯૭ | ૨ જૂન & ૩ જૂન | ૮૧૪૧૩૭૭૮૩૩ |
| અંક્લેશ્વર | - | - | ૧૭ એપ્રિલ | ૭૯૮૪૧૯૬૩૬૯ |
| અમરેલી | ૨૯ મે | ૯૭૧૪૫૪૩૫૫૧ | - | - |
| બરોડા | ૨૧,૨૨ મે | ૯૪૨૮૭૬૭૩૮૩ | ૧૫ મે | ૯૮૨૫૦૧૮૯૫૬ |
| ભરૂચ | ૨૯ મે | ૯૬૬૨૫૨૦૯૯૮ | - | - |
| ભાવનગર | ૨૧,૨૨ મે | ૯૫૫૮૮૬૦૨૫૯ | - | - |
| ભુજ | ૨૮,૨૯ મે | ૮૨૦૦૩૦૩૮૬૬ | ૩૧ મે | ૯૪૨૯૨૯૭૨૨૩ |
| ધોરાજી | ૧૫ મે | ૯૫૭૪૦૪૬૦૮૨ | - | - |
| ગાંધીધામ | ૨૯ એપ્રિલ | ૯૪૨૮૩૧૦૭૮૭ | - | - |
| જામનગર | ૧૫,૧૬ મે | ૯૧૩૭૭૧૦૯૦૧ | ૧૮ મે | ૯૯૨૪૭૮૦૮૭૭ |
| મહેસાણા | ૧૫ મે | ૯૪૨૭૩૭૫૧૭૭ | - | - |
| મોરબી | ૨૯ એપ્રિલ | ૯૯૭૮૬૩૩૦૩૫ | ૨૬ એપ્રિલ | ૯૭૨૫૧૯૯૧૪૪ |
| મુંબઈ | ગ્રાન્ટ રોડ, દાદર, પાર્લે, બોરીવલી, મીરા રોડ, ઘાટકોપર, મુલુન્ડ, વાશી | ૯૮૬૭૯૮૯૨૦૨ | બોરીવલી & ઘાટકોપર | ૯૮૨૦૫૦૮૬૦૮ |
| નડિયાદ | ૧ મે | ૭૯૮૪૮૩૬૭૬૯ | - | - |
| રાજકોટ | ૧, ૨ મે | ૮૮૪૯૨૬૫૨૨૪ | ૨૮ એપ્રિલ | ૯૯૭૯૬૨૦૩૧૫ |
| સુરત | ૩૦ એપ્રિલ, ૧ મે | ૯૫૭૪૦૦૮૪૯૮ | ૫ મે | ૯૯૧૩૧૪૧૬૦૦ |
| સુરેન્દ્રનગર | ૧૪,૧૫ મે | ૯૫૧૨૬૭૨૪૩૩ | - | - |
| સીમંધર સીટી | ૬, ૭ મે | ૦૭૯-૩૫૦૦૨૧૫૪ | ૩ મે | ૦૭૯-૩૫૦૦૨૧૫૪ |
| વેરાવળ | ૨૬ મે | ૯૭૧૨૧૯૧૮૮૭ | - | - |
| પુના | જુલાઈ | ૭૭૭૪૦૭૯૭૮૦ | - | - |

નોંધ : ૧. સમરકેમ્પમાં ભાગ લેવા માટે આપના નજીકના સેન્ટર પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજીસ્ટ્રેશન ચાર્જ નોન રિફંડેબલ રહેશે.


૨. રજીસ્ટ્રેશન માટે બાળક/યુવાનની ઉંમર અને ધોરણ પ્રમાણે જે વિભાગો પાડીને તારીખો નક્કી થઇ છે તે મુજબ થશે. જે તે સમર કેમ્પની તારીખના ૭ દિવસ અગાઉ રજીસ્ટ્રેશન બંધ કરવામાં આવશે. ત્યારબાદ રજીસ્ટ્રેશન માટે તત્કાલ ચાર્જ લેવામાં આવશે.


૩. સીમંધર સીટી સમરકેમ્પ માટે રજીસ્ટ્રેશન ત્રીમંદિર સંકુલના 'સ્ટોર ઓફ હેપ્પીનેસ' પર સવારે ૧૦:૦૦ થી બપોરનાં ૧૨:૦૦, સાંજે ૪:૦૦ થી ૭:૦૦ દરમ્યાન જે તે સમરકેમ્પના ૫ દિવસ અગાઉ સુધી રૂબરૂ થઇ શકશે. આ રજીસ્ટ્રેશન ૧ એપ્રિલથી શરૂ થશે. સંપર્ક સૂત્ર ૦૭૯-૩૫૦૦૨૧૫૪

# ગોવાળનો ઉપસર્ગ – વાર્તા બનાવો

નીચે આપેલી વાર્તાને યોગ્ય ક્રમ નંબર આપો. પેજ કટ કરી ક્રમ પ્રમાણે ગોઠવી બુકલેટ બનાવવી. બુકલેટનો વીડીયો વોટસેપ ૯૩૧૩૬૬૫૫૬૨ પર ૧૫ એપ્રિલે સૌ પ્રથમ મોકલનારને પ્રાઈઝ આપવામાં આવશે.


એણે અણીદાર સળી લીધી, આડું-અવળું જોયા વગર, મહાવીરના કાનોની આરપાર ઠોકી દીધી.







ગોવાળ બળદોને ત્યાં છોડી ચાલ્યો ગયો. બળદ ચરતા ચરતા આગળ નીકળી ગયા.

દેવાર્ય, મારા બળદની દેખરેખ રાખજો. હું હમણાં આવું છું.



આવી અસહ્ય વેદના હોવા છતાં મહાવીર ના તો ધ્યાનભંગ થયા અને ના તો એમને ગોવાળ પ્રત્યે દ્વેષ ભાવ જાગ્યો.





ગોવાળે પાછા ફરી બળદો વિશે પૂછ્યું. ભગવાન મૌન રહ્યા. ગોવાળે ફરી પૂછ્યું. પણ ભગવાન તો ધ્યાનમાં લીન હતા. ગોવાળને જવાબ ન મળતા તે ધુંઆપૂંઆ થઈ ગયો, "ઢોંગી સાધુ, તારા કાન જ ફૂટી ગયા લાગે છે. ઊભો રહે, હમણાં એનો ઈલાજ કરું છું."

આ ગોવાળ ભગવાનના ત્રિપુષ્ઠ વાસુદેવના ભવમાં શય્યાપાલક હતો જેના કાનોમાં ત્રિપુષ્ઠ વાસુદેવે ઊકળતું સીસું રેડાવ્યું હતું.



Scan QR Code

ત્રિપુષ્ઠ વાસુદેવના ભવની વાર્તા અહીં વાંચો

Akram Express


April 2022
Year : 14, Issue : 8
Conti. Issue No.: 164

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2021-2023
valid upto 31.12.2023
Licensed to Post Without Pre-payment No.
PMG/NG/040/2021-2023
valid upto 31.12.2023
Posted at Adalaj Post Office on 08th of every month

# ગયા અંકની કવિતાના સાચા જવાબ આપનાર genius kids

## જવાબ - વીરોના વીર મહાવીર



Name -Aditri Shrivastavan
City - Bhopal, MP



Name -Nira Prajapati
City - mehsana



Name - Mansi Jesani
City - Amreli



Name - Vanshika
City - Ludhiana, Punjab



Name - Ansh vishavadiya
City: Rajkot



Name - jinal Dabhi
City - Surendranagar



Name - Bhavya Sakhiya
City - Rajkot



Name - Shlok Patel
City: Vadodara

FIT રહીએ ANANDMA રહીએ

Walk with
With
Pujyashree

Scan QR Code

### અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. **AGIT**૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.
અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.
૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **WhatsApp** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**,૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.